EX-4

GJPM010008422026

**ક્રિમીનલ અપીલ નં.૪૫/૨૦૨૬**

**આંક–૪ ની અરજી નીચે હુકમ :–**

---

**એપેલન્ટસ/મુળ આરોપી : ગુલાબસિંહ અજીતસિંહ જાદવ**

**વિરુધ્ધ**

**રીસ્પોન્ડન્ટ/મુળ ફરિયાદી : ધી સ્ટેટ ઓફ ગુજરાત**

---

(૧) અરજી તથા રેકર્ડ વંચાણે લીધું. એપેલન્ટ/મુળ આરોપીના વકીલશ્રી જે.કે.સુતરીયાને સાંભળ્યા તથા રીસ્પોન્ડન્ટ/શ્રી સરકાર તર્ફે વિ. પી.પી.શ્રી આર.એસ.ઠાકોરને સાંભળ્યા.

(૨) અરજીની ટુંકમાં હકિકત એવી છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાનું ચાર્જશીટ આરોપીઓ વિરુધ્ધ દાખલ થતાં તે અંગેના ક્રિમીનલ કેસ નં.૪૨૧૧/૨૦૨૪ ગોધરાના વિ.બીજા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં ચાલી જતા તેઓશ્રી એ તા.૬/૨/૨૦૨૬ ના રોજ આરોપી ગુલાબભાઈ અજીતસિંહ જાદવ ને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૩(ત્રણ) માસ સુધીની સાદી કેદની સજા તથા રૂા.૫૦૦/– નો દંડની રકમ ના ભરે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ છે. આ કામના એપેલન્ટ/આરોપી

એ વિ.ટ્રાયલ કોર્ટના સદર હુકમથી નારાજ થઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૪૧૫ હેઠળ સદર અપીલ દાખલ કરેલ છે અને આંક–૪ ની અરજી આપી એવી રજુઆત કરેલ છે કે, તેઓએ અપીલ સમયમર્યાદામાં દાખલ કરેલ છે અને સદર અપીલનો ગુણદોષ ઉપર નિકાલ થાય તો તેઓની તરફેણમાં નિર્ણય આવે તેવી શકયતાઓ રહેલી છે. જો તેઓને જામીન મુકત કરવામાં ના આવે તો અપીલ કરવાનો હેતુ માર્યો જાય અને સજાનો હુકમ સ્ટે કરવામાં ના આવે તો તેઓને જેલમાં જવુ પડે તો તેમના પરિવારને ભૂખે મરવાનો સમય આવે તેમ છે. તેઓ સારંગપુર ભાટડીના ઘોડા, ગોધરા તાલુકાના વતની છે અને ખેતી કરે છે અને તેઓ નાસી ભાગી જાય તેવા નથી અને નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી અને તૈયાર છે જેથી અપીલના આખરી નિકાલ સુધી ફરમાવેલ સજાનો મોકૂફ રાખવા અને તેઓને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા હાલની અરજ કરેલ છે.

(૩) આ કામે રીસ્પોન્ડન્ટ તરફે વિ.પી.પી.શ્રીએ હાજર થઈ આ અરજી મંજુર કરવા સામે તેઓને કોઈ વાંધો ન હોવાનું મૌખિકમાં જણાવેલ છે. આ અદાલતના મંતવ્ય મુજબ કેસના ગુણદોષમાં ઉતરીને અપીલનો નિકાલ થાય તે જરૂરી છે તેવા સંજોગોમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૪૩૦(૧) ની જોગવાઈ ધ્યાને લેતાં ક્રિમીનલ કેસો નં.૪૨૧૧/૨૦૨૪ ગોધરાના વિ.બીજા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.કોર્ટમાં ચાલી જતા વિ.ટ્રાયલ કોર્ટે તા.૬/૨/૨૦૨૬ના રોજ ચુકાદો જાહેર કરેલ છે. એપેલન્ટના અપીલ કરવાના કાયદેસરના હકકને નુકસાન ન પહોંચે અને સદર કેસના ગુણદોષમાં ઉતરીને અપીલનો નિકાલ થાય તે જરૂરી જણાતું હોય જેથી

EX-4

વિ.ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/આરોપીને જે સજાનો હુકમ ફરમાવેલ છે તે હુકમ આથી આ અપીલનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી નીચેની શરતોને આધીન મૌકૂફ રાખવામાં આવે છે.

**શરતો :–**

૧. આરોપીએ **રૂ.૨૫,૦૦૦/–**(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આ અદાલત રૂબરૂ આપવાના રહેશે.

૨. એપેલન્ટ/આરોપીએ આ અપીલના કામે દર મુદતે આ અદાલત સમક્ષ હાજર રહેવું અને હાજર નહીં રહે તો આપેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર ઠરશે.

હુકમ આજરોજ તારીખ પ'મી માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તા.૦૫–૦૩–૨૦૨૬**
**ગોધરા.**

**(ચંદ્રપાલસિંહ કે.ચૌહાણ)**
**સત્ર ન્યાયાધીશ**
**પંચમહાલ, મુ.ગોધરા**
UID Code No.GJ 00513

SST